ખાતાના વડાની કચેરી/તાબાની કચેરી દ્વારા કરવામાં આવતા પત્ર વ્યવહારમાં Tagging કરવા /સંદર્ભ દર્શાવવા બાબત

ગુજરાત સરકાર
ઉધોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક:- પરચ/૧૦૨૦૧૬/૩૧૭૧૬/જ
તારીખ :૦૬/૦૯/૨૦૧૬

પરિપત્ર :-

ઉધોગ અને ખાણ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાની કચેરીઓ તથા અન્ય કચેરીઓ દ્વારા રાજ્ય સરકાર / ભારત સરકાર સાથે થતાં પત્રવ્યવહારોમાં ૪(ચાર) પ્રકારની Communication System નો ઉપયોગ કરવાનો રહે છે: (૧) ઇ-મેઇલ દ્વારા, (૨) ફેક્સ દ્વારા,(3) Post દ્વારા, (૪) સ્પીડ પોસ્ટ દ્વારા (ખૂબ જ જરૂરી Immediate હોય ત્યારે). આ ચાર પ્રકારની Communication System નું અચૂકપણે પાલન કરવાનું રહેશે.

વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાની કચેરીઓ/ તાબાની કચેરીઓ દ્વારા કરવામાં આવતાં તમામ પ્રકારના પત્રવ્યવહારમાં Proper Tagging (દા.ત. Confidential, Important, Relevant P.A.N. No. Or Reference Letter No. and Date of the Department) / સંદર્ભ દર્શાવવાની બાબત ઓછા પ્રમાણમાં કરવામાં આવતી હોવાનું ધ્યાને આવેલ છે. ઓછા પ્રમાણમાં કરવામાં આવતા 'Tagging'/સંદર્ભ દર્શાવવાના કારણે વિભાગની શાખાઓમાં ફાઇલ પડતર રહેવા પામે છે.

આથી, વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાની કચેરીઓ તથા તમામ તાબાની કચેરીને ઉધોગ અને ખાણ વિભાગ સાથે કરવામાં આવતા તમામ પ્રકારના પત્રવ્યવહાર વખતે 'Proper Tagging' કરવા (દા.ત. Confidential/Important/Relevant P.A.N. No./Reference Letter No. and Date of the Department) /સંદર્ભ દર્શાવવા અને તેનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

પત્ર વ્યવહારમાં 'Tagging'/સંદર્ભ દર્શાવવામાં આવે તો તેના પરિણામ સ્વરૂપે સમયનો બચાવ થશે અને સરકારી વહીવટમાં બિનજરૂરી વિલંબ અટકાવી શકાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે.

(કે.એસ.પ્રજાપતિ)
સંયુકત સચિવ,
ઉધોગ અને ખાણ વિભાગ

<u>નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે.</u>

- માન.મુખ્યમંત્રીશ્રી (ઉધોગ, ખાણ ખનિજ)ના અંગત સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, પ્રવાસનના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

(P.T.O)

- માન.મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન અને મીઠા ઉદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી, યાત્રધામ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી, કુટિર ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી, (સ્વતંત્ર હવાલો) દેવસ્થાનના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન, મીઠા ઉદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી, યાત્રાધામ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી, ઉદ્યોગ, ખાણ ખનિજના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી (ઉ.ખા.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાધીનગર.

- અગ્ર સચિવશ્રી (પ્રવાસન)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાધીનગર.

- અગ્ર સચિવશ્રી (કુ.ઉ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાધીનગર.

- વિભાગના સર્વે સંયુકત સચિવશ્રી / નાયબ સચિવશ્રી / ઉપસચિવશ્રી / સર્વે શાખાઓ

- સર્વે ખાતાનાવડા /બોર્ડ / નિગમ / સંસ્થાઓ(ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના)

- સિલેકટ ફાઇલ.